# પ્રભુ સાથેની ગોઠડીને માણીએ

## ❑ પ. પૂ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ

વિશ્વના જીવમાત્ર પ્રત્યેની કરુણાથી છલકાતા હૃદયના સ્વામી પરમાત્મા જ્યાં વિરાજમાન છે તે મંદિરમાં જવાનાં ત્રણ બારણાં છે : ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન; પણ ગર્ભાગારમાં જવાનું બારણું એક જ છે : તલ્લીનતા. ત્યાં પહોંચો એટલે ગર્ભદીપ દેખાય અને તેના અજવાળે પરમની ઝાંખી થાય. સાધકની મથામણ આ પરમતત્ત્વની ઝાંખી માટેની જ હોય છે. તેનાં ત્રણ સાધનોમાં ભક્તિ એ દેખીતી રીતે સહેલું સાધન જણાય છે પણ તાત્ત્વિક રીતે તે સૌથી અઘરું છે; કારણ કે જ્ઞાન-વૈરાગ્યની સરખામણીમાં ભક્તિમાં અહમ્‌નો સૌથી વધુ વિલય કરવો પડે છે. ભક્તિને 'એકશેષ' કહેવામાં આવે છે તે આ અર્થમાં. એક 'તે' જ બાકી રહે છે - त्वमेव. ભક્તિનાં ત્રણ સોપાનમાં અનુક્રમે तस्यैवाहं, तवैवाहं અને છેલ્લે त्वमेवाहं આવે છે. છેલ્લે 'તું જ તે હું છું'ની સ્થિતિ પ્રગટે છે. પછી દેખતી રીતે ભક્ત સક્રિય લાગતો હોય છે, પણ વાસ્તવમાં તો ભક્તના ખોખામાં ભગવાન જ જાણે જીવતા હોય એટલું અહમ્‌નું વિલોપન ભક્તિ માગી લે છે. એટલે જ ભક્તિનો માર્ગ કપરો છે. આ બાબત એક કવિએ સરસ વાત કરી છે :

*''એ અગોચર તત્ત્વ સાથે ક્યાં કશું સંધાય છે ?*
*એક વચન, પહેલો પુરુષ, ત્યાં વચ્ચે આવી જાય છે !''*

એ અહમ્‌નો લય તે જ પ્રભુનો જય છે અને તેથી વચલો પડદો હઠી જાય છે અને ભક્તનું કશું છાનું રહેતું નથી :

*''તેહથી કહો છાનું કિસ્યું, જેને સોંપ્યાં તન-મન-વિત્ત હો''*
- ઉ. યશોવિજયજી

અને આવી કો'ક ક્ષણે ભક્ત અને ભગવાનનું અંગત મિલન રચાય છે અને ત્યારે જે ગોઠડી થાય છે તે તો અંગત રહેતી નથી : ''જાને સબ કોઈ.''

સ્તવન એટલે ભક્તની ભગવાન સાથેની ગોઠડી. મુનિરાજ શ્રી ભુવનચંદ્રજી મહારાજે સંપાદિત કરેલ શ્રી પાર્શ્વચન્દ્ર સૂરિકૃત સ્તવન-ચોવીશીનાં સ્તવનોમાંથી પસાર થતી વખતે આવા સુભગ મિલનનાં દર્શન થાય છે. કવિએ પ્રભુ સાથે ગોઠડી માંડી છે ને પછી જાણે આપણી આગળ એની વાત કરે છે :

*''પ્રત્યક્ષ જાણે જિન કુંથુ દીઠા,*
*પદ્માસનિઈં ધ્યાન ધરેવિ બઈઠા;*
*નાશાગ્રિ સમ્યગ્ નિજદૃષ્ટિ રાખઈ,*
*તિણ હેતિ વાણી વયણિઈં ન ભાખઈ.''*
- ૧૭/૮

પોતાના મનમાં ઘૂંટાતી વ્યથાની વાત - કુગુરુ સંગની દાસ્તાન - તેમના મોઢે વારંવાર આવે છે :

*''મિથ્યાદરિસણ પાપિયઉ એ,*
*ચિત અંતરિ આવી થાપિયઉ એ,*
*તિણિ કુગુરુ-કુદેવિ નમાવિયઉ એ,*
*એ પ્રાણી પ્રાણિ ભમાવિયઉ એ.''*
- ૨/૫

*''ત્યજી કુગુરુ વલિ સુગુરુને સંગિત રાચઉં.''*
- ૧૦/૯

એ જ પ્રમાણે ત્રણ સો ને ત્રેંસઠ પાખંડીને પણ એ જ સંદર્ભમાં યાદ કરે છે :

*''ત્રઈસઠિ અધિકા ત્રણિ સય, પાખંડીના ધર્મ્મ,*
*જિનમત લહિ તેહ જ કરિય, ગુરુ વિણ ન લહ્યઉ મર્મ.''*
- ૩/૮

*''ત્રિણ્ણિ સય ત્રઈસઠ્ઠિ ચોર, પાખંડી અતિ ઘોર,*
*તાસુ વિઘન સવિ ટાલઈ, નિજ પ્રભુ આદેસ્યઉં પાલઈ.''* -૫/૪

તેમના સમયમાં ગચ્છના ભેદોની જે સ્થિતિ પ્રવર્તતી હતી તેનો સખેદ ઉલ્લેખ કવિ કરે છે અને સાથે આત્મનિવેદન પણ કરે છે :

*''આગમવચન ઉથાપિયઉં, નિય નિય ગચ્છ તિ થાપિયઉ,*
*આપિયઉ કિમ લહઉં દંસણ તાહરઉં એ ?*
*હિવ એ સહૂ આલેઈયઈ, સુપ્રસન્ન નયણ નિહાલિયઈ,*
*ટાલિયઈ ભવદુહ બંધન માહરઉં એ.''*
- ૪/૧૧

સ્તવનોનું ભાષાકર્મ પણ સાફ અને સ્વચ્છ છે; અભિવ્યક્તિની કળા પણ આગવી છે. કર્મગ્રન્થના ગહન પદાર્થો ગુજરાતી પદ્યમાં સુગમ રીતે ગૂંથી લેવાયા છે. અહીં તેમનું શાસ્ત્રીય વિષયનું તથા ભાષા પરનું પ્રભુત્વ સ્વયં સ્પષ્ટ જણાઈ આવે છે. અઢારમા શ્રી અરનાથ ભગવાનના સ્તવનમાં ધર્માધર્મની ચર્ચા નોંધપાત્ર છે, તો વીસમા મુનિસુવ્રતસ્વામી ભગવાનના સ્તવનમાં ગુણસ્થાનકની દૃષ્ટિએ કરેલું નિરૂપણ પણ, તેઓ આ વિષયમાં કેટલા રમમાણ હશે તેની પ્રતીતિ કરાવે છે. પાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં ચૌદ સ્વપ્નની ગૂંથણી સુંદર કરી છે, જ્યારે ધર્મનાથ પ્રભુના સ્તવનમાં કલ્પસૂત્રગત 'સંખે ઇવ નિરંજણે' વગેરે ઉપમાઓને સફળપણે ગૂંથી લીધી છે.

કવિનો વિદ્યમાનકાળ વિક્રમના સોળમા શતકનો છે. તે સમયે સ્થાનકવાસી સંપ્રદાયની શરૂઆત થઈ ચૂકી હતી. આથી તદ્વિષયક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતન પણ સ્તવનોમાં ઊતરી આવ્યું છે. સ્થાપનાનિક્ષેપ અર્થાત્ મૂર્તિના સંદર્ભમાં કવિ જાણે સ્વાનુભવસિદ્ધ ઉદ્ગાર કાઢે છે :

*''નામિઈં થિકઉ ઠવણ વિશેષ જાણઉં,*
*જે દેખિ ચોખઉ જિનભાવ આણઉં.''*

- ૧૭/૯

તેના જ અનુસંધાનમાં ચોવીસમા મહાવીર સ્વામીના સ્તવનમાં દૃઢતાપૂર્વક જે પ્રતિપાદન કવિ કરે છે તે અસરકારક છે. શ્રી ભગવતીજી સૂત્રના પ્રારંભે 'નમો બંભીએ લિવિએ' પદ છે, તેને પણ અહીં સંભાર્યું છે. આ સ્તવનમાં બોલચાલની ભાષામાં થયેલું નિરૂપણ સુંદર લાગે છે :

*''મા, મા, એમ ન ભાખિયઈ જી, એ અસમંજસ વાણિ;*
*પ્રતિમા નહુ ઉથાપિયઈ જી, એ મતિ સાચી જાણિ.''*

- ૨૪/૫

વિચારશીલ સાધકને પોતાના સમસામયિક મત-પંથના સંદર્ભે વિધાન કરવું જ પડે છે; એવા પ્રસંગે તેઓ કરુણાબુદ્ધિએ અંગુલિનિર્દેશ કરવો જ પસંદ કરે છે.

સાહિત્યની દૃષ્ટિએ જોઈએ તો આ સ્તવનોમાં ઉપમા આદિ અલંકારો, યમક, પ્રાસ આદિ ભાષાકીય શણગાર સુંદર રીતે પ્રયોજાયા છે. રચનામાં પ્રૌઢતા છે. શ્રી સંભવનાથ ભગવાનના સ્તવનનો ઉપાડ કેટલો સહજસુંદર છે : ''મંગલવલ્લિ-વિતાન–ઘન, શ્રી સંભવ જિનરાય''

શ્રી અભિનંદન સ્વામી ભગવાનના સ્તવનમાં પહેલી અને બીજી કડીમાં, મુક્તિફળ મેળવવા લાખ યોજનનું શરીર કરીએ તો પણ તે ન મળે અને પ્રભુના ચરણે જે નીચા નમે તેને તે તરત જ મળે એ કેવો મજાનો વિરોધાલંકાર દર્શાવ્યો છે !

તેરમા સ્તવનમાં એક પ્રાકૃત સુભાષિતની છાયા સરસ રીતે ઝીલાઈ છે :

*''સરસ દૂધ સુતંદુલ સ્યઉં મિલી,*
*કલકલઈ જિમ ખીર રસાઉલી;*
*સઘણ કુક્કુસ મિશ્રિત રાબડી,*
*તડબડઈ નહુ કાંઈ પચનિઈ ચડી ?''*

-૧૩/૮

પ્રાકૃતમાં સુભાષિત આ પ્રમાણે છે :

जइ वहुल - दुध्धधवला, उच्छलइ धवलतंडुला खीरा ।
ता किं कळकुक्करिया, रव्वडिआ नो तडव्वडइ ? ।।९।।

બાવીસમા સ્તવનમાં શ્રી નેમિનાથ ભગવાનના સમ્યક્ત્વ પામવાના પ્રસંગને -

*''તિહાં સાધુનઉ શુદ્ધ આચાર દેખી,*
*લહી દંસણ કુમતની મતિ ઉવેખી.''*

આમ એક પંક્તિના ઇશારે રજૂ કર્યો છે. અન્યત્ર ગુજરાતી પદ્યમાં આ વાત આવી હોય એવું સ્મરણ નથી. પ્રસંગ યાદગાર છે. 'ત્રિષષ્ટિ'માં પર્વ આઠમામાં આવે છે.

ધન અને ધનવતીનો એ પહેલો ભવ છે. ગ્રીષ્મના ભર તાપના દિવસો છે. ઉકળાટથી કંટાળીને દંપતી ઉપવનમાં શીતળ લતામંડપમાં વિશ્રામ કરી રહ્યાં છે. ત્યાં ધનવતી ભરબપોરે ધોમ તાપમાં રસ્તા ઉપર એક મુનિને મૂર્છાવશ થઈને પડતા જુએ છે, ધનને કહે છે અને ધન તુર્ત દોડીને શીતોપચાર કરે છે, મુનિ સ્વસ્થ બને છે. ધન મુનિને પૂછે છે : ''આવી અવસ્થા કેમ થઈ ? આપના પગમાંથી લોહી નીકળે છે, સખત તાપ લાગ્યો છે અને આપને મૂર્છા આવી ગઈ.'' મુનિ કહે છે કે આ કષ્ટ તો ભાવિમાં લાભ કરનારું છે માટે મને તે પીડાદાયક નથી, પણ આ જન્મ-મરણની પીડા મને મોટી લાગે છે. આ સાંભળી ધનને આશ્ચર્ય થયું. ધને મુનિની સેવા કરી, આ નિમિત્તે તેને ત્યાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. (ત્રિષષ્ટિ૦, પર્વ ૮, સર્ગ ૧, શ્લોક ૧૧૧થી ૧૨૪) આ પ્રસંગનો ઉલ્લેખ સ્તવનમાં બે લીટીમાં થયો છે.

આમ, પ્રસ્તુત સ્તવનોની વિષયપસંદગી નાવીન્યપૂર્ણ છે. ચર્વિતચર્વણ અહીં નથી એ નોંધવું જોઈએ.

પ્રભુભક્તિ એ ખારા સંસારની મીઠી વીરડી છે. આ સ્તવનોને નિરાંતે માણતાં આવો જ અનુભવ થશે એ નિઃશંક છે.

કર્તાએ આ સ્તવનોમાં દેશી ઓછી અને છંદ વધુ વાપર્યા છે. બે-ત્રણ દેશી, બાકી ઉપજાતિ, ભુજંગપ્રયાત (ભુજંગી), દ્રુતવિલંબિત અને ચોપાઈનો પ્રયોગ થયો છે. સત્તરમા-અઢારમા સૈકાથી ગુજરાતી સ્તવન-સાહિત્યમાંથી વૃત્તો (છંદો) નીકળી ગયાં. આ રચનાઓ તે પહેલાંની છે, તેથી નોંધપાત્ર છે.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org